

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 180
Dt.: 06-05-2026,
Wednesday
Page:04
Rs.00.50 paisa

# બિહારમાં વીજળી પડવાથી ૪ બાળકો સહિત ૧૨નાં મોત

## અતિશય પવન, વરસાદ અને વીજળી પડવાના બનાવોમાં ૨ બાળકો સહિત ૧૨ લોકોના મોત થયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

બિહારમાં સોમવારે સાંજે અચાનક બદલાયેલા વાતાવરણે અનેક જીવ લઈ લીધા છે. અતિશય પવન, વરસાદ અને વીજળી પડવાના બનાવોમાં ૨ બાળકો સહિત ૧૨ લોકોના મોત થયા છે. મુખ્યમંત્રી કાર્યાલય મુજબ, પૂર્વી ચંપારણમાં ૫, ગયામાં ૪ અને ઔરંગાબાદમાં ૩ લોકોના મોત થયા છે. લગભગ ૬ વર્ષ પહેલા સરકારના આપત્તિ વ્યવસ્થાપન વિભાગે 'ઈન્દ્રવજ' એપ લોન્ચ કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, વીજળી પડતા ૪૦થી ૪૫ મિનિટ પહેલા એલર્ટ મળશે, પણ સવાલ એ છે કે જ્યારે દર વર્ષે વીજળી પડવાથી સૈંકડો લોકોના મોત થાય છે, ત્યારે આ એપનો વાસ્તવિક ઉપયોગ શું છે?પૂર્વી ચંપારણના રામગઢવા બ્લોકના સીસવનિયા ગામમાં વીજળી પડવાથી મોટો અકસ્માત થયો હતો. અહીં એક તાડના ઝાડ પર વીજળી પડતાં આગ લાગી ગઈ હતી, જે પવનના કારણે આસપાસના ઘરોમાં ફેલાઈ ગઈ હતી. આ ઘટનામાં નાની સરસ્વતી કુમારી (ઉં.વ.૨)નું સારવાર દરમિયાન મોત થયું હતું, જ્યારે ૧૪ વર્ષીય મનોજ મહતો ગંભીર રીતે ઘાયલ થયો છે. આગમાં ચંદન મહતો, શિવબાલક મહતો, નરેશ મહતો સહિત અનેક પરિવારોના ઘરો બળી ગયા છે

આ ઘટનાઓ વચ્ચે સરકાર દ્વારા લોન્ચ કરાયેલા 'ઈન્દ્રવજ' એપના ઉપયોગ પર પણ સવાલો ઊઠી રહ્યા છે. લગભગ ૬ વર્ષ પહેલા લોન્ચ થયેલી આ એપ દાવો કરે છે કે, વીજળી પડતા ૪૦-૪૫ મિનિટ પહેલા ચેતવણી આપે છે, પણ ગ્રામ્ય વિસ્તારોમાં તેની જાણકારી અને ઉપયોગ અંગે ગંભીર સંશય છે. ગામડાઓમાં લોકો પાસે આ એપ વિશે પૂરતી માહિતી નથી અને તેઓ તેનો ઉપયોગ પણ કરી શકતા નથી. ત્યારે સવાલ એ છે કે, ટેકનોલોજી હોવા છતાં, સમયસર ચેતવણી લોકો સુધી કેમ નથી પહોંચી રહી?

ઔરંગાબાદમાં વીજળી પડવાથી ૨ બાળકોના મોત થયા હતા, જ્યારે ૩ બાળકો બચી ગયા હતા. ઘટના મદનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ઘટરાઈન ગામની છે. બંને બાળકોની ઉંમર ૮થી ૧૦ વર્ષ વચ્ચે હતી. ઘટનાના સમયે બધા બાળકો કેરી તોડી રહ્યા હતા. એ સમયે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. ત્રણ બાળકો ભાગી ગયા, પણ સંતોષ અને સુરજ કેરી તોડવાની લાલચમાં રહી ગયા હતા. એ જ સમયે વીજળી પડી અને બંને બેભાન થઈ ગયા હતા. સારવાર દરમિયાન બંનેનું મોત થયું હતું.

મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ ભારે વરસાદ અને વીજળી પડવાથી થયેલા મોત પર દુઃખ વ્યક્ત કર્યું છે અને મૃતકોના પરિવારજનોને ૪-૪ લાખ રૂપિયાની સહાય આપવાનો નિર્દેશ આપ્યો છે. સાથે જ તેમણે લોકોને અપીલ કરી છે કે, ખરાબ વાતાવરણમાં સાવચેત રહેવું અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગના સૂચનોનું પાલન કરવું, જેથી આવી દુર્ઘટનાઓથી બચી શકાય. હવામાન વિભાગ મુજબ, આજે પણ અનેક વિસ્તારોમાં વરસાદ અને પવન-વાવાઝોડાની શક્યતા છે. મુઝફ્ફરપુર, દરભંગા, પૂર્ણિયા, ભાગલપુર, ગયા અને ચંપારણ સહિત અનેક જિલ્લાઓમાં દિવસભર વાદળછાયું વાતાવરણ રહેશે. જ્યારે ઉત્તર-પૂર્વના જિલ્લાઓ જેમ કે કિશનગંજ, અરરિયા અને પૂર્ણિયામાં



હળવાથી મધ્યમ વરસાદ સાથે ૩૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

વાદળ અને છૂટક વરસાદને કારણે આ વિસ્તારોમાં તાપમાન નિયંત્રિત રહેવાની શક્યતા છે.

### દેશમાં એસિડ એટેકની ઘટનામાં વધારો નોંધાયો

# એસિડ એટેકના કેસથી સુપ્રીમ ચિંતિત, સજામાં વધારો કરવા કેન્દ્રને ભલામણ

### ગુનો સાબિત કરવાનો ભાર પીડિત પર રાખવાના બદલે આરોપીએ પોતાની નિર્દોષતા સાબિત કરવી જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એસિડ એટેક્સની સંખ્યાં થઈ રહેલા વધારા સામે ચિંતા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે ગુનેગારો માટે વધુ આકરી સજા રાખવા ભલામણ કરી હતી. આ સાથે પોતે ગુનેગાર નથી તેવું સાબિત કરવાની જવાબદારી આરોપીઓના માથે રાખવાનું સૂચન કર્યું હતું. ક્રિમિનલ જ્યુરિસપ્રુડન્સની અવધારણા અંતર્ગત, ગુનો સાબિત ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવામાં આવે છે અને ગુનો સાબિત કરવાની જવાબદારી પ્રોસીક્યુશનની હોય છે. સર્વોચ્ચ અદાલતે કાયદામાં ઉચિત સુધારો કરવા અને એસિડ પીવાની ફરજ પડાઈ હોય અથવા



એસિડ એટેકમાં આંતરિક ઈજાનો ભોગ બન્યા હોય તેવા પીડિતોને રાઈટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસએબિલિટીસ એક્ટ, ૨૦૧૬ અંતર્ગત આવરી લેવા કેન્દ્ર સરકારને સૂચન કર્યું હતું. ચીફ જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે ઠરાવ્યું હતું કે, ૨૦૧૬માં એક્ટનો અમલ થયો ત્યારથી આ પ્રકારની સ્પષ્ટતા કરતી જોગવાઈનો અમલ શરૂ કરવાની જરૂરિયાત હતી. તેથી મંત્રાલય આ મામલે ઔપચારિક નોંધ લઈ સુધારો કરે તે આવકાર્ય છે. એસિડ એટેક સરવાઈવર શાહિન મલિક દ્વારા જાહેર હિતની અરજી કરવામાં આવી હતી, જેમાં પીડિતોને જનકલ્યાણકારી યોજનાઓને લાભ મળી શકે તે માટે વિકલાંગની શ્રેણીમાં રાખવા માટે દાદ માગવામાં આવી હતી. સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે નોંધ્યુ હતું કે, એસિડ એટેકના ગુનેગારોને અપાતી સજા તેમને રોકવા માટે પૂરતી નથી. કેસની સંખ્યા વધી રહી હોવાથી સજાને પણ વધારે આકરી બનાવવી જોઈએ. ૨૦૧૩ના વર્ષ પછી એસિડ એટેક્સમાં થઈ રહેલો વધારો અત્યંત ચિંતાજનક છે અને સરકારે આ મામલે યોગ્ય વિચારણા કરી ગનેગારોને વધુ આકરી સજા અપાવવી જોઈએ.

# LPG સંકટ વચ્ચે હોર્મુઝ અંગે ચીનને આપી કડક ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે હોર્મુઝ સ્ટ્રેટ પર લાગેલી નાકેબંધી હજુ પણ યથાવત છે, જેના પગલે ભારતમાં સર્જાયેલા LPG સંકટનો હવાલો આપીને અમેરિકાએ હવે ચીનને કડક ચેતવણી આપી છે. છેલ્લા બે મહિનાથી વધુ સમયથી આ રસ્તો બંધ હોવાથી ભારત સહિત સમગ્ર વિશ્વમાં ઊર્જા સંકટ ઘેરું બન્યું છે અને ખાસ કરીને ભારતના LPG પુરવઠા પર તેની માઠી અસર પડી રહી છે. ભારત પોતાની જરૂરિયાતનો ૮૦-૯૦ ટકા LPG હોર્મુઝના માર્ગે આયાત કરે છે, પરંતુ હાલમાં આ રસ્તો બંધ હોવાથી દેશમાં ગેસની ભારે અછત સર્જાઈ છે. છેલ્લા બે મહિનામાં LPG સિલિન્ડરના ભાવમાં ૧૩૦૦થી વધુનો તોતિંગ વધારો થયો છે. આ ઊર્જા સંકટને ગંભીરતાથી લેતા નવા ગેસ કનેક્શન પર રોક લગાવી દેવામાં આવી છે અને સિલિન્ડર બુકિંગના નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. અમેરિકા હવે ભારતના LPG સંકટને હથિયાર બનાવીને હોર્મુઝનો માર્ગ ફરી શરૂ કરાવવા માટે સક્રિય થયું છે. અમેરિકન ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે, 'ઓપરેશન ફ્રીડમ' હેઠળ અમેરિકન નેવી ત્યાં ફસાયેલા જહાજોને સુરક્ષિત બહાર કાઢવામાં મદદ કરશે.

અમેરિકાનું કહેવું છે કે ભારત જેવા મોટા દેશોમાં કરોડો પરિવારો રાંધણ ગેસ પર નિર્ભર છે, તેથી આ રસ્તો ખોલવો માત્ર આર્થિક જ નહીં પણ માનવતાના ધોરણે પણ અત્યંત મહત્ત્વનું છે યુદ્ધની સ્થિતિ હોવા છતાં ઈરાને ભારત પ્રત્યે હંમેશા નરમાશ દાખવી છે. ઈરાને ભારતના ૮ ટેન્કરોને પસાર થવાની મંજૂરી આપી હતી અને ભારતીયોએ પણ ઈરાન માટે મદદ એકઠી કરી હતી.

અમેરિકા હવે ઈરાનના આ નરમ વલણને માનવતાનું રૂપ આપીને તેને હોર્મુઝ ખોલવા માટે મજબૂર કરવા માંગે છે, જેથી ગ્લોબલ એનર્જી ક્રાઈસિસ અટકી શકે. અમેરિકાએ ચીન પર આક્ષેપ કર્યો છે કે તે પોતાની જરૂરિયાતનો ૯૦ ટકા હિસ્સો ઈરાન પાસેથી ખરીદે છે અને આ ફંડનો ઉપયોગ ઈરાન યુદ્ધ અને આતંકી પ્રવૃત્તિઓ માટે કરી રહ્યું છે. અમેરિકાએ ચીનને અપીલ કરી છે કે તે હોર્મુઝનો રસ્તો ખોલાવવામાં મદદ કરે, જેથી ભારત જેવા મોટા ગ્રાહકોને LPG સંકટનો સામનો ન કરવો પડે.

### કેજરીવાલને જલ્દી મોટું સરપ્રાઈઝ મળશે

# કોંગ્રેસના દિગ્ગજ નેતાના દાવાથી AAPના ધબકારા વધ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને આમ આદમી પાર્ટી (AAP)ના તમામ ધારાસભ્યો આજે દિલ્હીમાં છે. ભગવંત માન ધારાસભ્યોના પ્રતિનિધિ તરીકે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળવાના છે, પરંતુ આ મુલાકાત પહેલા પંજાબ કોંગ્રેસના નેતા અને વિરોધ પક્ષના નેતા પ્રતાપસિંહ બાજવાએ ગંભીર આક્ષેપો કરીને રાજકીય તણાવ વધારી દીધો છે. બાજવાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ દ્વારા દાવો કર્યો હતો કે આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટી (BJP) એક જ સિક્કાની બે બાજુઓ છે. તેમણે આશંકા વ્યક્ત કરી છે કે મુખ્યમંત્રી માન ગુપ્ત રીતે ધારાસભ્યોને દિલ્હીમાં રાખીને ભાજપના હિતો સાધવામાં મદદ કરી રહ્યા છે. પ્રતાપસિંહ બાજવાએ પોતાની પોસ્ટમાં એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ તરફ ધ્યાન દોર્યું હતું. તેમણે જણાવ્યું કે, ભગવંત માનની મુલાકાતથી માત્ર ૯૦ મિનિટ પહેલા જ AAPના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, અશોક મિત્તલ અને રાજીન્દર ગુપ્તાએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી. બાજવાએ સવાલ ઉઠાવ્યા છે કે આટલા ટૂંકા ગાળામાં થયેલા આ ઘટનાક્રમ પાછળ કોઈ મોટું રાજકીય કારણ હોઈ શકે છે. તેમણે ચેતવણીભર્યા લહેકામાં લખ્યું કે, જે ગતિએ વસ્તુઓ આગળ વધી રહી છે તે જોતા અરવિંદ કેજરીવાલને ટૂંક સમયમાં જ કોઈ મોટું 'સરપ્રાઈઝ' મળી શકે છે. તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો કે ગઈકાલે જ ભાજપના નેતા સુનીલ જાખડે પણ આ બાબતે સંકેત આપ્યા હતા.બીજી તરફ, આમ આદમી પાર્ટીના તમામ ધારાસભ્યો હાલ દિલ્હીમાં હાજર છે. મુખ્યમંત્રી ભગવંત માન પંજાબના વિવિધ મુદ્દાઓ અંગે રાષ્ટ્રપતિ સમક્ષ રજૂઆત કરવાના છે.

### ઊંચા ભાવે તેલની ખરીદી કરવાને કારણે આ કંપનીઓને જંગી નુકસાન કરવું પડ્યું છે

# કંપનીઓને પેટ્રોલ, ડીઝલમાં નુકસાન પેટે સહાયની કોઈ યોજના નથીઃ કેન્દ્ર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સરકારની માલિકીની ઓઈલ કંપનીઓ હાલ જે પેટ્રોલ, ડીઝલ અને એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ) નીચા ભાવે વેચે છે અને તેમ કરવાથી તેમને જે કાંઈ નુકસાન થઈ રહ્યું છે તેને સરભર કરવા કેન્દ્ર સરકાર તેઓને નાણાંકીય સહાય પૂરી પાડે એવી હાલ કોઈ યોજના વિચારાધિન નથી એમ કેન્દ્ર સરકારના એક અધિકારીએ જણાવ્યું હતું.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ અને હિંદુસ્તાન પેટ્રોલિયમ જેવી સરકારની માલિકીની ઓઈલ કંપનીઓએ માટે જ્યારથી પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિનું નિર્માણ થયું છે ત્યારથી તેમના માઠા દિવસો આવ્યા છે, કેમ કે યુદ્ધનાઆરંભથી જ તેઓને ખુબ ઉંચા ભાવે ખનિજતેલની ખરીદી કરવી પડી છે, તેમ છતાં તેઓએ ચાર વર્ષ સુધી મહત્વના ઈંધણના ભાવોની કોઈ સમીક્ષા નહી કરવાની ખાતરી આપી હતી તેથી હાલ તેઓને પેટ્રોલ, ડીઝલ અને એટીએફના વેચાણ ઉપર જંગી નુકસાન થઈ રહ્યું છે.

અલબત્ત છેલ્લાં વીસ વર્ષમાં પ્રથમવાર તેઓને એટીએફના વેચાણથી નુકસાન થઈ રહ્યું છે, અને તેમનું આ નુકસાન ફક્ત એક મહિના પહેલાથી જ શરૂ થયું છે.

આ સંજોગોમાં તેઓને એટીએફના ભાવોમાં થોડો વધારો કરવાની ફરજ પડી હતી. સરકારની માલિકીના આ જાહેર સાહસને ઈંધણના વેચાણથી જે કાંઈ નુકસાન થઈ રહ્યું છે તેને સરભર કરવા તેઓને નાણાંકીય ટેકો પૂરો પાડવાની સરકાર સમક્ષ હાલ કોઈ યોજના વિચારાધિન નથી એમ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ કહ્યું હતું.




### તમિલનાડુમાં 'વિજય' રાજનો આરંભ

# TVK ધારાસભ્ય દળના નેતા તરીકે વરણી, સ્ટાલિનનું રાજીનામું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં સત્તાધારી દ્રવિડ મુન્નેત્ર કજગમ (DMK)ના વડા એમ. કે. સ્ટાલિનની કારમી હાર થઈ છે અને રાજ્યમાં અભિનેતા થલપતી વિજયી નીત નવી પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (TVK)નો ભવ્ય વિજય થયો છે. હાર બાદ મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિને મંગળવારે (૫ મે) રાજીનામું આપી દીધું છે. બીજીતરફ થલપતી વિજયને ટીવીકે ધારાસભ્ય દળના નેતા બનાવાયા છે. આ માટે તમામ ધારાસભ્યોના હસ્તાક્ષર લેવાયા છે. અત્યાર સુધીમાં ૯૦ ધારાસભ્યોએ હસ્તાક્ષર કર્યા છે.

તમિલનાડુની ચૂંટણીમાં વિજયની ટીવીકે સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી આવી છે. ટીવીકેએ રાજ્યની કુલ ૨૩૪ બેઠકોમાંથી ૧૦૭ બેઠકો જીતી લીધી છે. જોકે પાર્ટી હજુ પણ બહુમતીથી ૧૧ બેઠકો દૂર છે. જ્યારે ડીએમકેએ ૫૯ બેઠકો અને AIADMKએ ૪૭ બેઠકો જીતી છે.

વિજયનની પાર્ટી ટીવીકેએ ભલે સૌથી વધુ બેઠકો મેળવી હોય, પરંતુ તેમની પાસે સરકાર બનાવવા માટે જરૂરી બેઠકો નથી. આવી સ્થિતિમાં વિજય પાસે ગઠબંધન કરીને સરકાર બનાવવાનો અથવા કેટલીક પાર્ટીઓનો બહારથી ટેકો મેળવીને સરકાર બનાવવાનો વિકલ્પ છે. જોકે એ વાત સ્પષ્ટ છે કે, તમિલનાડુમાં ફરી ગઠબંધનની જ સરકાર બનશે. આમ કરવાથી વિજયની જ સ્થિતિ મજબૂત થશે. વિજયે ચૂંટણી પ્રચાર વખતે કહ્યું હતું કે, તેઓ સત્તામાં ભાગીદાર થવા માટે તૈયાર છે.



# તંત્રી લેખ......

## બંગાળમાં ભાજપનું નોંધપાત્ર પ્રદર્શન

જો પાંચ રાજ્યો - પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરી - માં ચૂંટણી પરિણામોને સર્વાંગી રીતે જોવામાં આવે તો એક વ્યાપક ચિત્ર ઉભરી આવે છે. આ ચિત્રમાં બે ઘટનાઓ ખાસ કરીને ઐતિહાસિક લાગે છેઃ બંગાળમાં ભાજપની નોંધપાત્ર લીડ અને તમિલનાડુમાં થલાપતિ વિજયની પાર્ટી, ટીવીકેનું પ્રભાવશાળી પ્રદર્શન. જ્યારે આસામમાં ભાજપનો સતત ત્રીજો વિજય મહત્વપૂર્ણ છે, ત્યારે બંગાળ અને તમિલનાડુમાં બનેલી ઘટનાઓના રાજકીય પરિણામો વધુ દૂરગામી છે. તૃણમૂલ કોંગ્રેસના વિશાળ મુસ્લિમ મતદારોના સંગઠિત સમર્થન છતાં, બંગાળમાં ભાજપનો વિજય એ સામાન્ય ઘટના નથી.

જ્યારે આસામમાં ભાજપનો વિજય, તેની નોંધપાત્ર મુસ્લિમ વસ્તી હોવા છતાં, ઘણા સ્થાપિત રાજકીય દંતકથાઓને તોડી નાખે છે, ત્યારે આસામ અને બંગાળના રાજકીય પરિદૃશ્ય અને સત્તા માળખામાં મૂળભૂત તફાવતો છે. બંગાળમાં મમતા બેનર્જીએ બનાવેલા રાજકીય વાતાવરણ અને સત્તા માળખાએ અન્ય કોઈપણ પક્ષ માટે અસરકારક પડકાર ઊભો કરવાનું મુશ્કેલ બનાવ્યું. પરિણામે, ભાજપની સફળતા માત્ર ચૂંટણી સિદ્ધિ નથી, પરંતુ બંગાળના રાજકીય પરિદૃશ્યમાં નોંધપાત્ર પરિવર્તનનો સંકેત છે. છેલ્લા દાયકામાં ચૂંટણી વલણોનો એક મુખ્ય પાસું, જે લગભગ દરેક રાજ્યમાં સ્પષ્ટ છે, તે એ છે કે હિન્દુઓમાં હિન્દુત્વ, સંસ્કૃતિ અને ધાર્મિક ઓળખના વ્યાપક પુનર્જાગરણે સ્થિર મતદાતા આધાર બનાવ્યો છે. આ આધાર, અસંતોષ, અસંતોષ અથવા આંશિક રોષ હોવા છતાં, ભાજપ અથવા તેના સાથી પક્ષો પ્રત્યે મજબૂત પૂર્વગ્રહ જાળવી રાખે છે, ક્યારેક તેની ગેરહાજરીમાં વૈચારિક રીતે નજીકના પક્ષો તરફ સ્થળાંતર કરે છે. આ વલણ પાંચેય રાજ્યોની ચૂંટણીમાં પણ સ્પષ્ટ હતું. ભાજપે સ્થાનિક અને પ્રાદેશિક મુદ્દાઓ ઉઠાવવાની રણનીતિનો સતત ઉપયોગ કર્યો છે, સાથે સાથે ચૂંટણી ચર્ચાને રાષ્ટ્રીય થીમ્સ સાથે જોડી છે. આ મતદારો સાથે સીધો ભાવનાત્મક અને વૈચારિક જોડાણ સ્થાપિત કરે છે. બંગાળ અને આસામમાં, ભાજપે રાષ્ટ્રીય સુરક્ષા અને વસ્તી વિષયક સંતુલન જેવા મુદ્દાઓને મુખ્ય રીતે પ્રકાશિત કર્યા, તેમને ચૂંટણી કાર્યસૂચિના કેન્દ્રમાં રાખ્યા. મોદી સરકારના મહિલા સશક્તિકરણ કાર્યક્રમોએ પણ ચૂંટણી વાતાવરણને પ્રભાવિત કર્યું, મહિલા મતદારોને સકારાત્મક સંદેશ પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

ખરેખર, બંગાળના પરિણામોએ ફક્ત તે લોકોને જ આશ્ચર્યચકિત કર્યા છે જેઓ જમીની વાસ્તવિકતાઓ અને મતદારોના મોટા વર્ગ, ખાસ કરીને હિન્દુઓમાં પરિવર્તનની ઝંખનાથી અજાણ હતા. તૃણમૂલ કોંગ્રેસે સત્તા અને બંગાળનો સમગ્ર રાજકીય પરિદૃશ્ય સ્થાપિત હિતોને સોંપી દીધો હતો. આ, કટ્ટરપંથી તત્વોને આપવામાં આવેલા ખુલ્લેઆમ સમર્થન અને પ્રોત્સાહન સાથે, સમગ્ર રાજ્યમાં સાંપ્રદાયિક ભય અને તણાવની સ્થિતિ ઊભી કરી. તેઓ આગ્રહ રાખવા લાગ્યા કે મતદારોએ પોતાની મરજીથી નહીં, પરંતુ તૃણમૂલ કોંગ્રેસના નેતાઓના ઈશારે મતદાન કરવું જોઈએ, અથવા ઘરે રહેવું જોઈએ, અથવા હિંસા, દમન, ઉત્પીડન અને સ્થળાંતરનો સામનો કરવો જોઈએ. બંગાળમાં "મૌન હેરાફેરી" એક મુખ્ય ચૂંટણી વલણ રહ્યું છે. પહેલા, ડાબેરી મોરચાએ આ યુક્તિ દ્વારા સતત જીત સુનિશ્ચિત કરી, અને પછી મમતા બેનર્જીએ તેમના આખા પક્ષને વધુ હિંસક અને દમનકારી તત્વોમાં ફેરવી દીધો. સ્થળાંતર અથવા હિંસાનો સૌથી વધુ ભોગ મહિલાઓ છે. આ જ કારણ છે કે તેમના મતોનો નોંધપાત્ર હિસ્સો તૃણમૂલને બદલે ભાજપને ગયો. ભાજપ પર હિન્દુઓનું ધ્રુવીકરણ કરવાનો આરોપ લગાવનારાઓ ઉપરછલ્લું વિશ્લેષણ કરી રહ્યા છે. વાસ્તવમાં, બંગાળમાં રાજકીય સંઘર્ષ સાચા લોકશાહીને પુનઃસ્થાપિત કરવા અને સત્તા સંસ્કૃતિને વધુ સમાવિષ્ટ બનાવવાનો હતો. આ જવાબદારી મુખ્યત્વે રાજ્યના હિન્દુઓની હતી. જો હિન્દુઓને લાગતું હતું કે આ સરકાર હેઠળ તેમનું અસ્તિત્વ જોખમમાં છે, તો તેના કારણો ગહન હતા. બાંગ્લાદેશમાં થયેલી હિંસક ઘટનાઓએ હિન્દુ માનસિકતાને મજબૂત બનાવી કે તેમણે અમુક અંશે પોતાનો જીવ જોખમમાં મૂકવો પડશે. વધુમાં,એસઆઈઆરમાંથી મૃત, શંકાસ્પદ અને સ્થાનાંતરિત મતદારોના નામ દૂર કરવાથી નકલી મતદારોની પ્રથા દૂર થઈ.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં સેંકડા ઘટ્યાઃ સોનાના વાયદામાં રૂ.૪૫૮ અને ચાંદીના વાયદામાં રૂ.૧૪૧૭ની વૃદ્ધિ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૯૯૨.૧૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૬૩૭૬.૯૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૨૪૬.૭૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૦૧૪ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૭૩૬૯.૩૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૯૯૨.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૯૬૩૭૬.૯૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૩૬૦૧૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૩૯૫.૯૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૨૪૬.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯૭૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૯૯૯૬ અને નીચામાં રૂ.૧૪૯૨૨૮ના મથાળે અથડાઈ, રૂ.૧૪૯૩૩૯ના આગલા બંધ સામે રૂ.૪૫૮ વધી રૂ.૧૪૯૭૯૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૫૧ વધી રૂ.૧૨૦૮૪૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૨ વધી રૂ.૧૫૧૪૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૯ વધી રૂ.૧૪૭૪૭૫ થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯૮૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૦૨૯૦ અને નીચામાં રૂ.૧૪૯૪૮૨ના મથાળે અથડાઈ, રૂ.૧૪૯૭૧૯ના આગલા બંધ સામે રૂ.૩૪૫ વધી રૂ.૧૫૦૦૬૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૩૮૩૮૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૦૮૦૦ અને નીચામાં રૂ.૨૩૬૦૦૧ના મથાળે અથડાઈ, રૂ.૨૩૯૩૮૩ના આગલા બંધ સામે રૂ.૧૪૧૭ વધી રૂ.૨૪૦૮૦૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૧૮૩૪ વધી રૂ.૨૪૯૪૪૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૧૮૦૩ વધી રૂ.૨૪૯૪૭૮ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૯૬૯.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૮.૭૫ વધી રૂ.૧૨૮૫.૫ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૨.૬૫ વધી રૂ.૩૪૫.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૨.૫ વધી રૂ.૩૭૩.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો ૬૦ પૈસા વધી રૂ.૨૦૦.૨ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૭૭૪.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૩૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૯૯ અને નીચામાં રૂ.૪૩૭૩ના સ્તરને સ્પર્શી, રૂ.૯૬ વધી રૂ.૪૪૭૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૯૯૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૬૬ અને નીચામાં રૂ.૯૮૪૦ના મથાળે અથડાઈ, રૂ.૧૦૦૫૭ના આગલા બંધ સામે રૂ.૧૪૬ ઘટી રૂ.૯૯૧૧ થયો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૧૪૯ ઘટી રૂ.૯૯૧૨ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૬ ઘટી રૂ.૨૭૦.૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૩.૭ ઘટી રૂ.૨૭૦.૯ના સ્તરે પહોંચ્યો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૮૨.૨ના ભાવે ખૂલી, રૂ.૧.૨ ઘટી રૂ.૯૮૬ થયો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૯૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૭ ઘટી રૂ.૨૮૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૪૦૫.૮૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૮૪૦.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૧૪૨૮.૮૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૫૫.૪૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૮.૭૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૮.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૫.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૪૯.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૯૮.૭૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૦૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૧૫૧૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૮૫૮૮ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૮૧૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૯૬૪૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૯૮૭૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૧૪૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૩૩૫૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૨૩૫૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૭૮૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧૨૦૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૫૪૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૩૫૯૪૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૦૧૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૫૯૪૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૮૯ પોઈન્ટ વધી ૩૬૦૧૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯૯.૫ ઘટી રૂ.૫૮૬.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬ ઘટી રૂ.૧૩.૮૫ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦ વધી રૂ.૨૨૨ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧.૫ ઘટી રૂ.૫૯૧ થયો હતો. તાંબું મે રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૩ વધી રૂ.૧૯.૧૯ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૪૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૫ પૈસા વધી રૂ.૪.૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯૩.૪૫ ઘટી રૂ.૫૯૯.૮૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩ ઘટી રૂ.૧૧.૮૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭.૫ વધી રૂ.૩૨૦૨.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧.૫ ઘટી રૂ.૬૦૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪ વધી રૂ.૨૪૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૧૨.૧૫ થયો હતો.

સોનું મે રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦ ઘટી રૂ.૬૪૪ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૧.૫ ઘટી રૂ.૨૦૧૨ થયો હતો. તાંબું મે રૂ.૧૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૦૩ ઘટી રૂ.૧૨.૯ થયો હતો. જસત મે રૂ.૩૪૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭૧ પૈસા વધી રૂ.૫.૬૪ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૯૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૪.૪ વધી રૂ.૬૨૯.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨ વધી રૂ.૧૨.૪૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૫.૫ ઘટી રૂ.૩૪૩૯ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૯.૫ ઘટી રૂ.૫૪૭ના ભાવે બોલાયો હતો.

## ૨૦૦૦ કર્મચારીઓની ઘટ વચ્ચે ડ્રાઈવર-કંડક્ટરોને કોન્ટ્રાક્ટ પર લેવાની તૈયારીથી ભારે રોષ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતની જીવાદોરી ગણાતી એસ.ટી. નિગમ (GSRTC) હાલ મોટા વિવાદના વમળમાં ફસાઈ છે. નિગમમાં લાંબા સમયથી ખાલી પડેલી જગ્યાઓ અને હવે સ્ટાફની ભરતી કરવાને બદલે આઉટસોર્સિંગ એટલે કે કોન્ટ્રાક્ટ પદ્ધતિ અપનાવવાના નિર્ણયને પગલે કર્મચારી સંગઠનોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

કર્મચારી યુનિયનના ધીરેન્દ્રસિંહ સોલંકીના જણાવ્યા મુજબ, એસ.ટી. નિગમમાં હાલ અંદાજે ૨,૦૦૦ થી વધુ સ્ટાફની જગ્યાઓ ખાલી છે. આ સ્ટાફની અછતને કારણે અનેક ગ્રામ્ય અને લાંબા અંતરના રૂટ કેન્સલ કરવા પડી રહ્યા છે.

નિગમ જાણી જોઈને રૂટ કેન્સલ કરી રહ્યું છે જેથી કરીને ખાનગી બસો અને કોન્ટ્રાક્ટ પદ્ધતિને પ્રોત્સાહન આપી શકાય. નિગમ હવે ડ્રાઈવર અને કંડક્ટરોને સીધી ભરતીને બદલે કોન્ટ્રાક્ટ પર લેવાની તૈયારી કરી રહ્યું છે. તેમના કહેવા મુજબ નિગમ દ્વારા પોતાના કાફલામાં નવી બસો વસાવવાને બદલે ૧,૦૦૦ જેટલી બસો ભાડે લેવાની પ્રક્રિયા તેજ બનાવવામાં આવી છે. આ નિર્ણયને કર્મચારી સંગઠનો નિગમના ખાનગીકરણ તરફનું પ્રથમ પગલું ગણાવી રહ્યા છે. સંગઠનોનો આક્ષેપ છે કે સરકાર ધીમે ધીમે નિગમને ખાનગી હાથોમાં સોંપવા માંગે છે, જેનાથી કાયમી નોકરીની આશા રાખતા યુવાનોને મોટો અન્યાય થશે.

એસ.ટી. નિગમના આ નિર્ણય સામે વિવિધ કર્મચારી યુનિયનોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. જો સરકાર કોન્ટ્રાક્ટ પદ્ધતિ અને આઉટસોર્સિંગનો નિર્ણય પાછો નહીં ખેંચે, તો આગામી દિવસોમાં રાજયવ્યાપી આંદોલન અને ચક્કાજામની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. મુસાફરોને પણ ડર છે કે ખાનગીકરણને કારણે ભવિષ્યમાં એસ.ટી.ના ભાડામાં મોટો વધારો થઈ શકે છે.

## વેરાવળમાં હાઈબ્રિડ ગાંજા સાથે એક શખ્સ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

ગીર સોમનાથ પોલીસ અધિક્ષકની સૂચનાથી નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે પોલીસ સતર્ક બની છે. આ દરમિયાન વેરાવળ સીટી પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે વાણંદ સોસાયટી નજીક આવેલા બગીચા પાસે દરોડો પાડીને એક શખ્સને પ્રતિબંધિત નશાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે ઝડપેલા આરોપી પાસેથી ૧૨.૭૭૦ ગ્રામ હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો છે. સામાન્ય ગાંજા કરતા આ હાઈબ્રિડ ગાંજો ઘણો મોંઘો અને નશાકારક હોય છે. પોલીસે ડ્રગ્સના જથ્થા ઉપરાંત તેની પાસેથી એક મોબાઈલ ફોન, ડિજિટલ વજનકાંટો અને એક થેલો પણ કબજે કર્યો છે. વજનકાંટો મળી આવતા એ સ્પષ્ટ થયું છે કે આરોપી આ નશાનો જથ્થો નાની માત્રામાં જોખીને છૂટક વેચાણ કરતો હતો. ઝડપાયેલા આરોપી વિરુદ્ધ 'નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ' (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે આ શખ્સ સ્થાનિક યુવાધનને નશાના રવાડે ચડાવવા માટે આ પદાર્થ વેચી રહ્યો હતો.

### રાષ્ટ્રીય સ્તરે કુલ પ્રવૃત્તિઓમાં ગુજરાતે ૧૦ ટકાથી વધુ યોગદાન આપી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી

## પોષણ પખવાડિયા-૨૦૨૬માં ગુજરાત દેશમાં ચોથા ક્રમેઃ મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. મનીષા વકીલ

### ગુજરાતમાં તા. ૯ થી ૨૩ એપ્રિલ દરમિયાન યોજાયેલા પોષણ પખવાડિયામાં ૭૩.૧૪ લાખથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ કરાઈ





ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા 'રાષ્ટ્રીય પોષણ અભિયાન'ને જનઆંદોલન બનાવી કુપોષણ મુક્ત રાષ્ટ્રના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ગુજરાતે મક્કમ ડગલાં માંડ્યા છે.

તાજેતરમાં તા. ૯ થી ૨૩ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન ઉજવાયેલા ૮મા 'પોષણ પખવાડિયા' અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે દેશભરમાં ૪થો ક્રમ મેળવીને ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું છે.

આ પખવાડિયા દરમિયાન મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. મનીષા વકીલના નેતૃત્વમાં રાજ્યભરમાં કુલ ૭૩.૧૪ લાખથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. ભારત સરકારના ડેટા મુજબ, રાષ્ટ્રીય સ્તરે થયેલી કુલ પ્રવૃત્તિઓમાં ગુજરાતનું યોગદાન ૧૦.૭૭ ટકા રહ્યું છે.

આ અભિયાનમાં મહિલા અને બાળ વિકાસ વિભાગે સિંહફાળો આપતા ૪૬.૩૬ ટકા એટલે કે સૌથી વધુ ૩૩.૯૧ લાખ પ્રવૃત્તિઓ કરી છે, જ્યારે આરોગ્ય, શિક્ષણ અને પંચાયત જેવા ૧૮થી વધુ વિભાગોએ પણ સક્રિય સહભાગીદારી નોંધાવી છે.

વર્ષ ૨૦૨૬ના પોષણ પખવાડિયાની મુખ્ય થીમ "જીવનના પ્રથમ છ વર્ષમાં મગજના વિકાસને મહત્તમ બનાવવો" રાખવામાં આવી હતી. બાળકના મગજનો ૮૫ ટકા વિકાસ ૬ વર્ષની ઉંમર સુધીમાં થાય છે, જે બાબતને ધ્યાને રાખીને આ વર્ષે 'સ્વાસ્થ્ય માટે પોષણ'થી એક ડગલું આગળ વધીને 'મગજના શ્રેષ્ઠ વિકાસ' પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ અભિયાનના પાંચ મુખ્ય સ્તંભ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં સગર્ભા માતાનો આહાર, સ્તનપાન અને યોગ્ય પૂરક આહાર પર ભાર, સંવાદ, રમત અને સ્નેહ દ્વારા બાળકના મગજમાં મજબૂત જોડાણો બનાવવા પ્રોત્સાહન, આંગણવાડીઓમાં બાળકોને રમતગમત દ્વારા પ્રાથમિક શિક્ષણ આપી શાળાકીય પૂર્વ તૈયારી માટે તૈયાર કરવા જેવા વિષયોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત બાળકોમાં વધતા 'સ્ક્રીન ટાઈમ'ને ઘટાડી સક્રિય દિનચર્યા માટે વાલીઓને જાગૃતિ, લોકભાગીદારી અને ઝજીઈ દ્વારા આંગણવાડીઓને આધુનિક અને સુવિધાજનક બનાવવી જેવા વિષયો અંગે જન જાગૃત્તિની પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

રાજયની તમામ ગ્રામ પંચાયતોમાં પોષણ પંચાયતો, ક્વિઝ, પોસ્ટર સ્પર્ધા અને સામૂહિક જાગૃતિ કાર્યક્રમો દ્વારા પોષણનો સંદેશ ઘર-ઘર સુધી પહોંચાડવામાં આવ્યો છે. પોષણ પખવાડિયાની સફળતા ગુજરાતની કુપોષણ મુક્ત બનવાની પ્રતિબદ્ધતા અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટેનું મક્કમ પગલું દર્શાવે છે. - ઋચા

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર    ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ    - તારીખ મુજબ આવક માલ ભાવ -    મંગળવાર, ૦૫/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૯૧૫ | ૪૫૧.૦૦ | ૫૫૧.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૧૩૧ | ૧,૨૬૫.૦૦ | ૧,૨૯૯.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૩૦.૦૦ | ૪૮૦.૦૦ |
| ૫ | મકાઇ | ૧૭૯૦ | ૩૩૧.૦૦ | ૪૯૦.૦૦ |
| ૬ | ચણા | ૧૧૭ | ૯૫૧.૦૦ | ૧,૦૪૮.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૨૫ | ૧,૪૩૦.૦૦ | ૧,૫૮૧.૦૦ |
| ૮ | તમાકુ | ૦ | ૧,૪૫૦.૦૦ | ૨,૨૫૦.૦૦ |
| ૯ | તમાકુ (ગારીયુ) | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# અમદાવાદમાં કોંગ્રેસ માટે એક સાંધો ત્યાં તેર તુટે જેવી સ્થિતિ: કોર્પોરેટરનુ એલસી નિકળ્યું બોગસ-ખોટુ : પોલીસ ફરીયાદના આદેશ



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં કોંગ્રેસ માટે વધુ એક મુશ્કેલી ઉભી થઈ છે, કુબેરનગર વોર્ડના મહિલા કોર્પોરેટર કલ્પનાબેન નવલેકર દ્વારા ચુંટણી સમયે રજુ કરવામાં આવેલુ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ (એલસી) તપાસમાં બોગસ સાબિત થયુ છે,

આ ગંભીર ગેરરીતી બહાર આવતા જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તેમની વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધવાનો કડક આદેશ આપવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીમાં કુબેરનગર વોર્ડમાંથી વિજેતા બનેલા કોંગ્રેસના કોર્પોરેટર કલ્પનાબેન નવલેકર દ્વારા બોગસ એલસી રજુ કરવામાં આવ્યુ હોવાનો ઘટસ્ફોટ થયો છે, ફરીયાદી ચિરાગ શાહ દ્વારા આ અંગે ડીઈઓ માં ફરીયાદ કરવામાં આવી હતી. કલ્પનાબેને કૃષ્ણનગર શાળામાં અભ્યાસ કર્યો હોવાનુ દર્શાવીને જીઆર નંબર ૧૨૪૮ અને એલસી નંબર ૩૧૯૪ વાળુ સર્ટીફીકેટ રજુ કર્યુ હતુ, જો કે ફરીયાદના આધારે ડીઈઓ દ્વારા કરવામાં આવેલી તપાસમાં આ એલસી તદ્દન ખોટુ હોવાનુ બહાર આવ્યુ છે. તપાસમાં બહાર આવ્યુ છે કે આ જીઆર નંબર અન્ય કોઈ વિદ્યાર્થીનો છે અને કોઈએ ડુપ્લીકેટ એલસી બનાવી તેના પર બોગસ ખોટી સહીઓ કરીને આ ગેરરીતી આચરી છે.

આ મામલે ફરીયાદ મળતા જ ડીઈઓ એકશન મોડમાં આવી ગયા હતા અને જીઆર તથા દસ્તાવેજોની ચકાસણી કરતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. બોગસ દસ્તાવેજોનો ઉપયોગ થયો હોવાનુ સ્પષ્ટ થતા ડીઈઓ દ્વારા કૃષ્ણનગર શાળાના આચાર્યને કલ્પનાબેન નવલેકર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત આ મામલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે પોલીસ ફરીયાદ નોંધાવવા માટે પણ શાળાને સુચના આપવામાં આવી છે, ડીઈઓ ચૌધરીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે અમને ફરીયાદી ચિરાગભાઈ શાહ દ્વારા એક ફરીયાદ મળી હતી, જેમાં કલ્પનાબેન સુરજભાઈ નવલેકર ના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ બોગસ હોવા અંગે રજુઆત કરવામાં આવી હતી, આ ફરીયાદમાં આધાર તરીકે દર્શાવવામાં આવ્યુ હતુ કે તેણે ૧૯૯૦ માં કૃષ્ણનગર વિદ્યાવિહાર, સહેજપુર બોઘા થી શાળા છોડી છે અને તેમનો જીઆર નંબર ૧૨૪૮ છે, મે આ બાબતની તપાસ અમારા ઈન્સ્પેકટરને સોંપી હતી, પ્રાથમિક તપાસ અને શાળા સંચાલકો દ્વારા આધારો ચકાસતા અમને જાણવા મળ્યુ હતુ કે આ એલસી સદર શાળામાંથી ઈસ્યુ કરવામાં આવ્યુ નથી અને તે પ્રાથમિક દ્રષ્ટીએ સંપૂર્ણપણે ડુપ્લીકેટ અને બોગસ સાબિત થાય છે, બોગસ એલસી અંગે રોહિત ચૌધરીએ જણાવ્યુ હતુ કે જયારે અમે પુરેપુરી ચકાસણી કરી ત્યારે માલુમ પડયુ કે આ જીઆર નંબર અને એલસી નંબર પર શાળાના રજીસ્ટરમાં ખરેખર અન્ય વ્યકિતઓના નામ નોંધાયેલા છે.

તે સમયે કલ્પનાબેન આ શાળામાં અભ્યાસ કરતા હોવાના કોઈ જ પુરાવા મળ્યા નથી અને શાળા સંચાલકે પણ રીપોર્ટ આપ્યો છે કે કોઈએ તેની શાળાનુ બોગસ એલસી બનાવી તેમાં ખોટી બોગસ સહીઓ કરી છે. કલ્પનાબેન હાલમાં કોગ્રેસ પક્ષના કુબેરનગર વોર્ડના વિજેતા ઉમેદવાર હોવાથી આ બાબતની ઉંડાણપૂર્વક ચકાસણી કરવી જરૂરી હતી. તેથી મે સદર શાળાના આચાર્ય અને સંચાલકને તેમની વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવા માટે કડક સુચના આપી દીધી છે.

# અમદાવાદમાં જયાં ભાજપ હાર્યુ એ ખાડીયાવાળા કોર્પોરેટરોને મળી શકે છે વિપક્ષ નો નેતાનો તાજ




પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મહાનગરપાલિકામાં કોંગ્રેસનુ પ્રદર્શન નિરાશાજનક રહ્યુ છે, મેયર બનાવવાના સપના સેવતી કોંગ્રેસે હવે વિપક્ષના નેતા માટે કવાયત કરવાની છે, ચુંટાયેલા વર્તમાન ૩૨ કોર્પોરેટરમાંથી વિપક્ષના નેતા બનવા માટે જોરદાર લોબીંગ શરૂ થયુ છે,

અમદાવાદ મહાનગરપાલિકાની ચુંટણીમાં કારમાં પરાજય બાદ હવે કોંગ્રેસમાં વિપક્ષના નેતા કોણ, એ ચર્ચાએ જોર પકડયુ છે. સત્તા ન હાંસલ કરી શકનારના કોંગ્રેસના કોર્પોરેટરોએ વિપક્ષના નેતાના પદ માટે લોબીંગ શરૂ કર્યુ છે. વર્ષ ૨૦૨૧ માં પણ કોગ્રેસે વિપક્ષના નેતા પદ માટે ૫ વરસમાં ૫ કોર્પોરેટરને વિપક્ષને નેતા બનાવવાની ફોર્મ્યુલા બનાવી હતી. જો કે તેનો કડકાઈથી અમલ થઈ શકયો ન હતો, સતત ૫ વરસ કોંગ્રેસના કોર્પોરેટરો વચ્ચે શીતયુધ્ધ અને અસહકારનુ આંદોલન ચાલતુ રહ્યુ હતું. હવે ફરી એકવાર જયારે વિપક્ષના નેતાની ચર્ચા અને લોબીંગે જોર પકડયુ છે, ત્યારે શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલ પટેલે કહ્યુ હતુ કે રાજકારણમાં પદ માટે લોબીંગ થાય એ સ્વભાવિક વાત છે, તેમણે એવુ પણ કહ્યુ હતુ કે ૫ વરસ માટે ૫ વિપક્ષના નેતાની ફોર્મ્યુલા સારી છે, જેનાથી તમામ વર્ગના કોર્પોરેટરને સ્થાન મળી શકે, જો કે તેનો મજબુતાઈથી અમલ થવો જોઈએ, જ્ઞાતિના આધારે વાત કરવામાં આવે તો કોંગ્રેસના ચુંટાયેલા ૩૨ કોર્પોરેટરો પૈકી ૧૮ મુસ્લીમ, ૭ અનુસુચિત જાતિ અને ૭ સામાન્ય વર્ગનો સમાવેશ થાય છે, જે પૈકીના પૂર્વ વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણ, દરીયાપુરના નિરવ બક્ષી, મકતપુરના સીનીયર કોર્પોરેટર હાજી અબરારબેગ મિરજા, ઝુલ્ફીકાર અને હિતેન્દ્ર પીઠડીયાએ દાવો કર્યો હોવાની કોંગ્રેસના આંતરીક સુત્રો પાસેથી માહિતી મળી રહી છે. તો એક સુર એવો પણ ઉઠી રહ્યો છે કે જે ખાડીયામાંથી ભારતીય જનતા પાર્ટીનો ઉદય થયો હતો ત્યાં જ તેને ધ્વસ્ત કરી કોંગ્રેસ દેશમાં ચર્ચા જગાવી છે. તો વિપક્ષનુ પદ ખાડીયાના કોઈ કોર્પોરેટરને મળવુ જોઈએ. આ અંગે સોનલ પટેલે કહ્યુ હતુ કે ખાડીયાના વિજયના પગલે સમગ્ર દેશમાં એક સંદેશો ગયો છે તો ત્યાંથી વિપક્ષના નેતાના પદ ને પ્રાધાન્ય આપી શકાય.

# ઘોર કળીયુગ: ૧૨ વરસના કિશોરે ૪ વરસની માસુમ પર આચર્યુ દુષ્કર્મ: સભ્ય સમાજને શરમાવતો ગુજરાતનો કિસ્સો




પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીની જન્મભુમિ એવા પોરબંદર શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારી અને માનવતાને શરમાવે તેવી ઘટના બનવા પામી છે. શહેરના ઉદ્યોગનગર અને કમલાબાગ પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં પાડોશમાં રહેતા માત્ર ૧૨ વરસના એક સગીરે ૪ વરસની માસુમ બાળકી પર દુષ્કર્મ આચર્યુ હોવાની વિગતો બહાર આવતા સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ છે,

મળતી માહિતી મુજબ આ શરમજનક કિસ્સો ત્યારે બન્યો જયારે ભોગ બનનાર ૪ વરસની બાળકી પોતાના ઘર પાસે રમી રહી હતી. આ દરમિયાન પાડોશમાં જ રહેતો ૧૨ વરસનો કિશોર બાળકીને રમાડવાના બહાને પોતાની સાથે લઈ ગયો હતો, બાળકીની માસુમીયતનો લાભ ઉઠાવી કિશોરે તેની પર દુષ્કર્મ આચર્યુ હતુ, આરોપીની ઉંમર ૧૨ વરસની છે, અને તે ભોગ બનનાર બાળકીના પાડોશમાં રહે છે, જયારે ભોગ બનનાર બાળકીની ઉંમર ૪ થી ૫ વરસની હોવાનુ મનાય છે, પ્રાથમિક વિગતો મુજબ સગીરે બાળકી પર ૨ થી ૩ વખત દુષ્કર્મ આચર્યુ હતુ, બાળકીની તબિયત અચાનક લથડતા અને શારીરિક તકલીફ જણાતા પરીવારે પુછપરછ કરી હતી, જેમાં આ ભયાનક સત્ય બહાર આવ્યુ હતુ, બાળકીના પરીવારજનોએ આ મામલે તુરંત પોલીસનો સંપર્ક કર્યો હતો, કમલાબાગ પોલીસે આ અંગે વિધિવત ફરીયાદ લઈ ગુન્હો નોંધ્યો હતો,

બાળકીની હાલત ગંભીર જણાતા તેને તાત્કાલીક મેડીકલ પરીક્ષણ અને સારવાર માટે હોસ્પીટલ ખસેડવામાં આવી હતી, આરોપી પોતે સગીરવયનો હોવાથી પોલીસ દ્વારા જુવેનાઈલ જસ્ટિસ એકટ (બાલ સંરક્ષણ ધારો) મુજબ કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ઉદ્યોગનગર અને કમલાબાગ પોલીસના ઉચ્ચ અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લઈ તમામ પુરાવાઓ એકત્રિત કરવાની કાર્યવાહી તેજ કરી છે. નોંધનીય છે કે માત્ર ૧૨ વરસના બાળકની આવી વિકૃત માનસિકતાએ સમાજ અને સુરક્ષા વ્યવસ્થા સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

# આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ નિમિત્તે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, ભાવનગર મંડળ દ્વારા રેલવે કર્મચારીઓનો સન્માન



આંતરરાષ્ટ્રીય મજૂર દિવસના અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, ભાવનગર મંડળ દ્વારા તારીખ ૦૫ મે, ૨૦૨૬ (મંગળવાર)ના રોજ ઓફિસર ક્લબ, ભાવનગર પરા ખાતે રેલવે કર્મચારીઓના સન્માન માટે એક ગૌરવપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો શુભારંભ સંગઠનની અધ્યક્ષા શ્રીમતી શાલિની વર્મા દ્વારા દીપ પ્રજ્વલન કરીને કરવામાં આવ્યો. કાર્યક્રમની અધ્યક્ષતા કરતાં તેમણે મંડળના ૫૦ ઉત્કૃષ્ટ કર્મચારીઓને ભેટ અર્પણ કરીને સન્માનિત કર્યા.

તેમના સંબોધનમાં શ્રીમતી વર્માએ જણાવ્યું કે રેલવેના કર્મચારીઓ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સંપૂર્ણ સમર્પણ અને ફરજ પ્રત્યેની નિષ્ઠા સાથે ટ્રેનોનું સંચાલન સુનિશ્ચિત કરે છે, જે અત્યંત પ્રશંસનીય છે. તેમણે કર્મચારીઓના યોગદાનને સંગઠનની સફળતાનું આધાર ગણાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી.

કાર્યક્રમ દરમિયાન સન્માનિત કર્મચારીઓએ પણ પોતાના સેવા અનુભવ વહેંચ્યા, જેના કારણે સમગ્ર વાતાવરણ પ્રેરણાદાયક અને ઉત્સાહવર્ધક બન્યું.

આ અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, ભાવનગર મંડળની સચિવ, ખજાનચી સહિત અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# તંત્રનો અજીબોગરીબ જવાબ : ૩૦૦ મીટર કેનાલ બનાવવાનુ તો અમે ભુલી ગયા : ૧૫ વરસથી પાણીની રાહ જોતા ખેડુતો હવે આરપારના જંગના મુડમાં




પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગર જિલ્લો ખેતી આધારીત જિલ્લો છે, જયાં ખેડુતો મુખ્યત્વે ઘઉં, કપાસ અને મગફળી જેવા પાકો પર નિર્ભર છે, સરકારનો દાવો છે કે નર્મદા કેનાલનો સૌથી વધુ લાભ આ જિલ્લાને મળ્યો છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજુ કરે છે, વઢવાણ, ખારવા, બલદાણા અને ગોમટા જેવા ગામોના ખેડુતો માટે આ કેનાલ માત્ર શોભાના ગાંઠીયા સમાન સાબિત થઈ છે.

ખેડુતોએ પોતાની કિમતી જમીન કેનાલ માટે આપી હતી એ આશાએ કે તેઓ વર્ષમાં બે પાક લઈ શકશે, પરંતુ ૧૫ વરસ વિતવા છતાં કેનાલમાં પાણીનુ એક ટીપુ પણ આવ્યુ નથી, જયારે ખેડુતોએ તંત્રને રજુઆત કરી ત્યારે ચોંકાવનારો જવાબ મળ્યો કે ૩૦૦ મીટર જેટલી કેનાલ બનાવવાનુ ભુલાઈ ગયુ છે, આ ભુલને કારણે આજે કેનાલમાં પાણીને બદલે બાવળ અને ઝાડીઓ ઉગી નિકળ્યા છે. કેનાલની જર્જરીત હાલત અને પાણીના અભાવે અંદાજે ૫૦૦ એકર જેટલી જમીન બિન-ઉપજાઉ બની રહી છે, ખેડુતોનો આરોપ છે કે અત્યાર સુધીમાં ૪ ધારાસભ્યો બદલાઈ ગયા, પરંતુ કોઈએ તેમની આ પીડા સાંભળી નથી, પાણી ન મળવાને કારણે ખેડુતો હવે રોકડીયા પાક વાવવા મજબુર બન્યા છે, અને તેમની આર્થિક સ્થિતિ કથળી રહી છે. સ્થાનિક ખેડુતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો વહેલી તકે કેનાલની અધુરી કામગીરી પૂર્ણ કરી પાણી છોડવામાં નહી આવે તો ખેડુતોએ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. ખેડુતોની માંગ છે કે સરકાર ગાઢ નિંદ્રામાંથી જાગે અને તેમના હક્કનુ પાણી તેમને પહોંચાડે.

# મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેય દ્વારા વડોદરા સ્ટેશનનું નિરીક્ષણ




પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેય દ્વારા આજે સુરત–વડોદરા–ગોધરા ખંડનું વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ કરવામાં આવ્યું. વડોદરા સ્ટેશન પર પહોંચ્યા બાદ તેમણે વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે તેમજ મંડળના વરિષ્ઠ અધિકારીઓ સાથે સ્ટેશનનું નિરીક્ષણ પણ કર્યું. તેમણે વડોદરા સ્ટેશન પર ઉપલબ્ધ મુસાફરોની સુવિધાઓ, લોકો પાઈલટ અને ટ્રેન મેનેજર લોબી વગેરે ની સાથે સાથે ઉનાળાની ભીડ દરમિયાન વડોદરા મંડળ દ્વારા મુસાફરો માટે આપવામાં આવતી સુવિધાઓ જેમ કે હોલ્ડિંગ એરિયા વગેરેનું પણ અવલોકન કર્યું. આ દરમિયાન વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે દ્વારા પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી પાંડેય ને વડોદરા સ્ટેશન પર પ્રસ્તાવિત વિકાસ કાર્યો અંગે માહિતી પણ આપવામાં આવી.

# ભીષણ ગરમીમાં મુસાફરોને રાહત: ભાવનગર મંડળ દ્વારા બોટાદ સ્ટેશન પર નિઃશુલ્ક છાશ અને ઠંડા પીવાના પાણીનું વિતરણ



ભીષણ ગરમી અને વધતા તાપમાનને ધ્યાનમાં રાખીને મુસાફરોને રાહત આપવા માટે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા જનહિતમાં વિશેષ પહેલ કરવામાં આવી છે. આ અંતર્ગત તા. ૦૫ મે, ૨૦૨૬ (મંગળવાર)ના રોજ બોટાદ રેલવે સ્ટેશન પર મુસાફરો માટે નિઃશુલ્ક છાશ અને ઠંડા પીવાના પાણીનું વિતરણ કરવામાં આવ્યું.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે બોટાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ વિસ્તારમાં ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકોને છાશ તથા ઠંડુ પાણી ઉપલબ્ધ કરાવવામાં આવ્યું, જેના કારણે તેમને ભીષણ ગરમીમાંથી નોંધપાત્ર રાહત મળી. નિઃશુલ્ક છાશ વિતરણ સેવા માટે "માઁ મહાવીર ગ્રુપ-બોટાદ"નું સરાહનીય સહકાર મળ્યો. તે જ રીતે મુસાફરો માટે નિઃશુલ્ક ઠંડા પીવાના પાણીના વિતરણમાં "જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ"નું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું. "માઁ મહાવીર ગ્રુપ-બોટાદ" દ્વારા મુસાફરો માટે ૧૦૦ લીટર છાશની વ્યવસ્થા કરવામાં આવી હતી, જયારે "જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ" દ્વારા ૪૦૦ લીટર ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્ટેશન પર આ વ્યવસ્થાઓને સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં ભાવનગર મંડળના વાણિજ્ય વિભાગના નિરીક્ષકો, ટિકિટ ચેકિંગ સ્ટાફ તથા અન્ય કર્મચારીઓએ સક્રિય ભૂમિકા ભજવી અને સમગ્ર વિતરણ કાર્યને સુવ્યવસ્થિત અને સુરક્ષિત રીતે પૂર્ણ કર્યું. આ અવસર પર મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે, "ભીષણ ગરમી દરમિયાન મુસાફરોને રાહત આપવી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભાવનગર મંડળ દ્વારા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહકારથી આ પ્રકારની જનહિતકારી પ્રવૃત્તિઓ સતત યોજાઈ રહી છે. આ પહેલ અમારી સામાજિક પ્રતિબદ્ધતા અને મુસાફરહિત પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે." ભાવનગર મંડળ દ્વારા ખાતરી કરવામાં આવી રહી છે કે મુસાફરોને સુરક્ષિત, સુવિધાજનક અને માનવીય સેવાઓ સતત ઉપલબ્ધ રહે. ભીષણ ગરમી દરમિયાન આવી રાહત સેવાઓ આગળ પણ સતત ચાલુ રાખવામાં આવશે.

## કરોડો રૂપિયાની છેતરપિંડીનો ખુલાસો

# કરોડોની ઠગાઈ કરનાર આંતરરાજ્ય લુટેરી દુલ્હન ગેંગનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે લગ્નના પવિત્ર નામે છેતરપિંડી આચરતી એક ખતરનાક 'લુટેરી દુલ્હન' ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ લગ્ન ઈચ્છુક યુવકોને પોતાની જાળમાં ફસાવી, ખોટા નામે લગ્ન કરાવીને રોકડ અને દાગીના લૂંટીને ફરાર થઈ જતી હતી. પોલીસે આ મામલે મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે જે આરોપીઓની ધરપકડ કરી છે તેમાં જાવેદખાન ઉર્ફે રાજુ મકરાણી, નગ્માબાનુ અને સાનિયા શેખનો સમાવેશ થાય છે. આ ગેંગના સભ્યો લગ્ન ઈચ્છુક અને જરૂરિયાતમંદ યુવકોની શોધ કરતા હતા. ત્યારબાદ યુવતીની ખોટી ઓળખ આપી લગ્ન કરાવવામાં આવતા હતા. લગ્ન પત્યાના ગણતરીના દિવસોમાં જ 'નવી નવેલી દુલ્હન' ઘરમાં રાખેલી રોકડ અને સોના-ચાંદીના કિંમતી દાગીના લઈને રફુચક્કર થઈ જતી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ ગેંગ માત્ર ગુજરાત પૂરતી સીમિત નહોતી. ગુજરાત સિવાય અન્ય રાજ્યોમાં પણ તેમણે અનેક લોકોને શિકાર બનાવ્યા છે. અત્યાર સુધીમાં આ ગેંગ દ્વારા કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાનું ખૂલ્યું છે. આરોપીઓ અત્યંત શાતિર રીતે નામ અને રહેઠાણ બદલીને ઠગાઈ આચરતા હતા જેથી કોઈના હાથમાં ન આવે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે આ ત્રણેય આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે ગેંગના અન્ય ફરાર સભ્યોની શોધખોળ શરૂ કરવામાં આવી છે. પોલીસને આશંકા છે કે તપાસ દરમિયાન હજુ પણ અનેક ભોગ બનનાર લોકો સામે આવી શકે છે.

# હળવદના ચરાડવામાં ખેડૂતોએ PGVCL કચેરી ગજવી

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

મોરબી જિલ્લાના હળવદ પંથકમાં વીજ વિભાગની કામગીરી સામે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા દોઢ મહિનાથી વીજ પુરવઠામાં સર્જાતી અનિયમિતતાને પગલે આજે ખેડૂતો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં એકઠા થઈ ચરાડવા સ્થિત પીજીવીસીએલ કચેરીમાં હલ્લાબોલ કર્યો હતો.ખેડૂતોનો આક્ષેપ છે કે છેલ્લા દોઢ માસથી વીજ પુરવઠો વારંવાર ખોરવાય છે. ખાસ કરીને ખેતીવાડીના ફિડરમાં પાવર કટને કારણે પિયત કરવામાં મુશ્કેલી પડી રહી છે. કાળઝાળ ગરમીમાં એકતરફ પશુઓ અને પરિવાર પરેશાન છે, તો બીજી તરફ મહામૂલો પાક સુકાઈ રહ્યો છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ ન આવતા આજે ખેડૂતોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો.

**પશ્ચિમ રેલ્વે**

**કેન્ટીનના કામ માટે કામદારોની ભરતી**

મુખ્ય વર્કશોપ મેનેજર, EMU વર્કશોપ, મહાલક્ષ્મી, મુંબઈ - 400 013, ઈ-ટેન્ડર માટે આમંત્રણ આપે છે. સૂચના નંબર: EL90/MX/2026- 27/02 તારીખ 29.04.2026. કાર્યનું નામ: EMU વર્કશોપ, મહાલક્ષ્મી ખાતે કેન્ટીનમાં કામ કરતા મજૂરોને 900 કાર્યકારી દિવસો માટે જોડવામાં આવશે. કાર્યની અંદાજિત કિંમત: ₹1,96,54,392.44. EMD : ₹ 2,48,300/-. સબમિશન અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ટેન્ડર 01.06.2026 ના રોજ બપોરે 12:00 વાગ્યા સુધી (ઇલેક્ટ્રોનિક રીતે) સબમિટ કરી શકાય છે. વિગતો માટે, કૃપા કરીને www.ireps.gov.in ની મુલાકાત લો. 0066

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**ટેન્ડર સૂચના**

Sr.DEE(TRD)NS/BCT આમંત્રીત કરે છે. ટેન્ડર નંબર: EL-TRD-W-118-26-27-2 તારીખ: 04/05/2026. કામનું નામ: મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત વિભાગમાં કરેમ્બેલે સ્ટેશનમાં હાલના ગુડ્સ શેડની દક્ષિણે પ્લેટફોર્મ સાથે નવી ગુડ્સ લાઇનની જોગવાઈના સંદર્ભમાં OHE ફેરફાર. તેના કામની અંદાજિત કિંમત: ₹1,56,67,690.00/- EMD: ₹3,13,400.00/-. ટેન્ડર સબમિટ કરવાની તારીખ: 29/05/2026 ના 15.00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ: 29/05/2026 ના 15.30 કલાક સુધી.વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0072

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કાર્યો**

ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (બાંધકામ). પશ્ચિમ રેલ્વે, રતલામના ટેન્ડર નંબર: S&T/C/RTM/121/2026-27 આમંત્રિત કરે છે. કાર્યનું નામ: પશ્ચિમ રેલ્વેના રતલામ ડિવિઝનના ઉજ્જૈન ખાતે મલ્ટી-ડિસિપ્લિનરી ઝોનલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ સાથે સંકળાયેલ કાર્ય સાથે ટેલિકોમ્યુનિકેશન સાધનોની ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ. કાર્યની અંદાજિત કિંમત: ₹ 2,56,07,263/-. કમાણીની કિંમત: ₹ 5,12,200/-. બિડિંગ શરૂ થવાની તારીખ: 08.05.2026. બંધ થવાની તારીખ અને સમય: તા. 22.05.2026 ના રોજ 15:00 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0068

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**MAHANAGAR SEVA SADAN**

**STREETLIGHT/TRAFFIC SIGNAL DEPARTMENT**
**SHORT TENDER NOTICE**

Selection of a Consultant to Design, Prepare a Bill of Quantities (BOQ), Bid Process Management and Project Management Consultancy for the installation of a projection-based light and sound show at Bhadra Plaza, Ahmedabad.

| | |
|---|---|
| Last date of tender submission (Online) | Date. 19/05/2026 up to 18:00 Hrs.. |
| Last date of tender submission (Hard Copy) | Date. 20/05/2026 up to 14:00 Hrs. |
| Detail and Tenders available on | On web site https://www.amc.nprocure.com or https://www.tender.nprocure.com |

# રાજકારણના મહારથીઓએ વાણી ઉપર કાબૂ રાખવો જોઈએ

## જેઓ આ દેશના તમામ ધર્મના લોકોને સાથે રાખીને ચાલી ના શકે એમનાથી કેટલી આશા રાખી શકાય?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણા દેશની સચ્ચાઈ કે વાસ્તવિકતા એ છે કે ભારત દેશની પ્રકૃતિ બિનસાંપ્રદાયિક છે અને તેની આ સંસ્કૃતિનું રક્ષણ કરતા બંધારણને દેશના તમામ નાગરિકોએ વળગી રહેવું જોઈએ. ત્યારે ચાલો આપણે સૌ ભારતને એક કરવા અને બંધારણને બચાવવાની ચળવળમાં જોડાઈએ અને નકારાત્મક તત્વોને જાકારો આપી સાચો ભાઈચારા નો સંદેશ પાઠવીએ.

થોડા સમય પહેલા કોંગ્રેસના રાજકીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે ભાન ભૂલેલા અને ગુજરાતની જનતાને અભણ અને મૂર્ખ કહેલાં. હાલમાં સ્વાયત સંસ્થાઓની ચૂંટણીના પરિણામોથી ગુજરાત ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ના મગજનો પારો છટકી ગયો અને કોંગ્રેસના લોકપ્રિય મહિલા સાંસદ શ્રીમતી ગેનીબેન ઠાકોરનું જાહેરમાં અપમાન કરી બેઠા. આપણા લોકશાહી દેશમાં ચૂંટણી દરમ્યાન હાર-જીત તો થવાની છે. પરંતુ એનાથી મગજનો પારો ગુમાવવો ના જોઈએ. આ રાજકારણમાં પડેલો માનવી જાહેર જીવનમાં કેવો હોવો જોઈએ? આ મહત્વની બાબત છે. એનું જીવન ખુલ્લી કિતાબ જેવું હોવું જોઈએ. એને બદલે હવે કેટલાક બેરોજગાર-નકામા લોકો બ્લેકમેઈલ કરીને રૂપિયા પડાવવા માટે ચૂંટણી ટાણે પોતાની ‘‘દુકાનો’’ ખોલીને બેસી જાય છે. જેઓ ચોક્કસ કોમને ટાર્ગેટ કરીને બેફાર્મ ભર્યા વાણી-વિલાસ ભર્યા ભાષણો આપીને ક્યારેય નગરપાલિકા કે મહાનગરપાલિકા જીતી શકે ખરા? શું તેઓ સરકાર રચવા માટે આવશ્યક ધારાસભ્યો કે સાંસદ ચૂંટી શકે એમ છે? આવા દૂરંદેશી વિનાના ફાલતુ માણસોને કારણે ચૂંટણી આજે ચટણી થઈ ગઈ છે. અને જે આવે એ ચાટવા બેસી જાય છે. પણ આવી ચટણી નો સ્વાદ જોઈએ એવો સ્વાદિષ્ટ તો ના જ આવે. જે ક્યારેય પ્રજા (મતદારો)ને તો ભાવે જ નહીં.

આ દેશ બિનસાંપ્રદાયિક છે અને દેશમાં જ્યારે જ્યારે બિન સાંપ્રદાયિક સરકારો આવી છે ત્યારે એવી સરકારોના ફાયદા ખાસ કરી ખ્રિસ્તી, લઘુમતી, દલિત, આદિવાસી અને કચડાયેલા વર્ગો જેવા અનેક ધર્મના લોકો માટે જેમ કે દેશમાં કોઈ નફરતી ભાષણો થતા ન હતા. કોઈની ઉપર ખોટી રીતે કોર્ટ કચેરી કે પોલીસ ફરિયાદો થતી ન હતી, પ્રજાને બોલવાનો ,લખવાનો, આંદોલનો સહિત શાંતિપૂર્વક વિરોધ કરવાનો અધિકાર હતો જેનું પાલન બિનસાંપ્રદાયિક સરકારો સારી રીતે કરી લોકશાહીને જીવંત રાખતી જ્યારે આજનું નકારાત્મક રાજકારણ દેશને ડુબાડશે?

# અરવલ્લી જિલ્લામાં ચુંટાયેલા કોંગ્રેસના તાલુકા પંચાયતના હોદ્દેદારોની પસંદગી ચુંટણીની તારીખ જાહેર થયા બાદ સેન્સ પ્રક્રિયા હાથ ધરાશે : પ્રમુખ

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામ જાહેર થતા રાજકીય વાતાવરણ ગરમાયુ છે અને વિવિધ તાલુકા પંચાયતોમાં સત્તા સ્થાપવા માટે રાજકીય કવાયત તેજ બની છે.



મળતી માહિતી અનુસાર જિલ્લાના ભિલોડા અને શામળાજી તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષે સ્પષ્ટ બહુમતી હાસલ કરીને સત્તાના દ્વાર ખોલી દીધા છે. જયારે મેઘરજ અને મોડાસા તાલુકા પંચાયતોમાં રસાકસીભરી સ્થિતિ સર્જાઈ છે. મેઘરજ તાલુકા પંચાયતમાં કુલ ૨૨ બેઠકોમાંથી કોંગ્રેસને ૧૧ , ભાજપને ૧૦ અને ૧ બેઠક અપક્ષને મળી છે. અપક્ષ ઉમેદવારના સમર્થનથી કોંગ્રેસને સત્તા પ્રાપ્ત થવાની શકયતા મજબુત છે, જો કે અપક્ષ ઉમેદવાર ભાજપ તરફ ઝુકે તો ટાઈની સ્થિતિ સર્જાઈ શકે છે. મોડાસા તાલુકા પંચાયતમાં કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષે ૧૦-૧૦ બેઠકો મેળવતા મોડાસા તાલુકા પંચાયતમાં ટાઈની પરિસ્થિતિ ઉભી થઈ છે. જેના કારણે ચીઠ્ઠી દ્વારા સત્તાનો નિર્ણય લેવાઈ શકે તેવી સંભાવના વ્યકત થઈ રહી છે. આ સમગ્ર પરિસ્થિતિ અંગે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરૂણ પટેલે જણાવ્યુ હતુ કે કોંગ્રેસ પક્ષ દ્વારા હોદ્દેદારોની પસંદગી માટેની સેન્સ પ્રક્રિયા ચુંટણીની તારીખ જાહેર થયા બાદ હાથ ધરવામાં આવશે. તમામ ચુંટાયેલા સભ્યો અને આગેવાનોને વિશ્વાસમાં લઈને પારદર્શક રીતે નિર્ણય લેવામાં આવશે.

વધુમાં તેમણે કહ્યુ હતુ કે અરવલ્લી જીલ્લાની જનતાએ કોંગ્રેસ પર જે વિશ્વાસ વ્યકત કર્યો છે તે બદલ અમે આભારી છીએ અને આ વિશ્વાસને સાર્થક કરવા માટે પ્રતિબધ્ધ છીએ, પક્ષના તમામ આગેવાનો અને કાર્યકરો એક જુટ થઈને પ્રજાના હિતના મુદ્દાઓ ઉઠાવી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે કામે લાગી જઈશું.

# અમરેલીમાં કાળજું કંપાવી દે તેવી ઘટના : માતાને કાર નીચે કચડી નાખી પુત્રને ૩૦ કિ.મી. સુધી કારમાં પટ્ટાથી ફટકાર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમરેલી જિલ્લામાં માનવતાને લજવતી અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી એક અત્યંત કરૂણ ઘટના બનવા પામી છે. રાજુલા તાલુકાના નિંગાળા ગામ પાસે નેશનલ હાઈવે પર પ્રેમ સંબંધના મનદુઃખમાં એક પરિણીત યુવકનુ જાહેરમાં અપહરણ કરી તેને ૩૦ કિ.મી. સુધી કારમાં ફેરવી ઢોર માર મારવામાં આવ્યો હતો, આ હિંસક હુમલામાં પુત્રને બચાવવા વચ્ચે પડેલી તેની માતાને પણ આરોપીઓએ કાર નીચે કચડીને રહેંસી નાખી હતી.



મળતી માહિતી મુજબ નિંગાળાના રહેવાસી ભાવેશ ભીલ ને તેની પત્નીની માસીની દિકરી સાથે પ્રેમ સંબંધ હતો, જે યુવતિના પરીવારજનોને મંજુર ન હતો, આ અદાવતમાં યુવતિના પરીવારના સભ્યોએ પૂર્વ આયોજનબધ્ધ રીતે હુમલો કરવાનુ કાવતરૂ ઘડયુ હતું. જયારે ભાવેશ અને તેની માતા જીતુબેન હાઈવે પર ચાલીને જઈ રહ્યા હતા. ત્યારે બાલકૃષ્ણ પેટ્રોલપંપ નજીક આરોપીઓએ તેમને આંતરીને હુમલો કર્યો હતો, પુત્ર ભાવેશનુ અપહરણ થતુ અટકાવવા વચ્ચે પડેલી માતા જીતુબેન પર આરોપીઓએ ક્રુરતાપૂર્વક કાર ચડાવી દીધી હતી. જેના કારણે તેમનુ ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓને કારણે મોત નિપજયુ હતું.

તો બીજી તરફ આરોપીઓ ભાવેશને બળજબરીપૂર્વક કારમાં બેસાડી અપહરણ કરી લઈ ગયા હતા. નિંગાળાના ખારા વિસ્તાર થી લઈને ભાવનગરના મહુવા સુધીના આશરે ૩૦ કિ.મી.ના રસ્તે ચાલુ કારમાં ભાવેશને પટ્ટા અને પાઈપ વડે બેરહેમીથી માર મારવામાં આવ્યો હતો. આરોપીઓએ તેને મહુવા સ્થિત તેમના ઘરે લઈ જઈને પણ અમાનવીય ટોર્ચર કર્યુ હતું. આ ઘટનાની જાણ થતા સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચની ટીમે તાત્કાલીક કાર્યવાહી કરી મહુવા પહોચી ભાવેશને મુકત કરાવ્યો હતો અને સારવાર માટે હોસ્પીટલ ખસેડયો હતો. આ ચકચારી કેસમાં પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં કુલ ૯ લોકો વિરૂધ્ધ હત્યા, અપહરણ અને રાયોટીંગની કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

# કરોડોનો વહિવટ અને ભણતરના ઠેકાણા નહી : શું હવે ભાજપના આવા અભણ નેતાઓના ભરોસે જ થશે જનતાનો વિકાસ?

પ્રતિનિધિ,ગાંધીનગર

તાજેતરમાં જ રાજયની સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પરીણામો આવી ગયા છે, જેમાં ભાવનગર મનપામાં ચુંટાઈને આવેલા કોર્પોરેટરોની શૈક્ષણિક લાયકાત જોઈને મતદારોને પણ નવાઈ લાગી રહી છે, સામાન્ય રીતે એવુ માનવામાં આવતુ હોય છે કે શિક્ષિત ઉમેદવારો ચુંટાઈને આવે તો વિકાસના કામો ઝડપથી થાય,

પરંતુ ભાવનગરમાં કંઈક ઉલ્ટુ જ ચિત્ર જોવા મળ્યુ છે. ભાવનગર મનપામાં પ્રજાએ ખોબે ખોબા મત આપીને જે પર નગરસેવકોને ચુંટયા છે. તેમાંથી અડધા નગરસેવકોએ પણ ઉચ્ચ અભ્યાસ કરેલો નથી, મળતી માહિતી મુજબ પર નગરસેવકમાંથી ૫ એવા છે કે જેઓ માત્ર ૭ ધોરણથી ઓછો અભ્યાસ ધરાવે છે, જયારે ૧૪ નગરસેવકો ધોરણ ૧૦ માં નાપાસ થયેલા છે, આ ઉપરાંત ૧૦ નગરસેવકો એવા છે કે જેમણે ધોરણ ૧૦ અને ૧૨ સુધીનો અભ્યાસ કર્યો છે, આશ્ચર્યની વાત એ છે કે ભાજપનો એક કોર્પોરેટર તો માત્ર ૧ ધોરણ સુધી ભણેલો છે. ઉચ્ચ અભ્યાસની વાત કરીએ તો માત્ર ૧૭ નગરસેવક ગ્રેજયુએટ છે,ચુંટાયેલા નગરસેવકોના અભ્યાસને લઈને કોંગ્રેસે હવે સવાલો ઉઠાવ્યા છે,

કોંગ્રેસ શહેર પ્રમુખે નિવેદન આપતા જણાવ્યુ હતુ કે આટલુ ઓછુ ભણેલા નગરસેવકો મનપાનો કરોડો રૂપીયાનો વહિવટ કઈ રીતે સંભાળશે ? તો બીજી તરફ શહેર ભાજપ પ્રમુખે નગરસેવકોના અભ્યાસ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે ઘણા કોર્પોરેટરો ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવે છે. બીજુ કે, જે નગરસેવકો વધુ અભ્યાસ કરી શકયા નથી તેમની પાસે બહોળો અનુભવ




અને કામ કરવાની ઉત્તમ ક્ષમતા છે, આથી ઓછો અભ્યાસ વહિવટી કાર્યમાં કોઈપણ પ્રકારે બાધારૂપ બનશે નહી,

# બનાસકાંઠામાં ગેનીબેન ઠાકોરના સમર્થનમાં યોજાઈ કોંગ્રેસની રેલી: જગદીશ વિશ્વકર્માના નિવેદન વિરૂધ્ધ નોંધાવ્યો જોરદાર વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતના રાજકારણમાં એક નિવેદનને કારણે નવા વિવાદે જન્મ લીધો છે. જગદીશ વિશ્વકર્મા દ્વારા પાલનપુરની સભામાં કરાયેલ ટીપ્પણી બાદ ઠાકોર સમાજમાં ભારે રોષ ફેલાયો છે, આ નિવેદન સીધુ ગેનીબેન ઠાકોરને નિશાન બનાવતુ હોવાનુ માનવામાં આવી રહ્યુ છે. જેને કોંગ્રેસે મહિલાઓ અને સમાજના અપમાન તરીકે વ્યાખ્યાયીત કર્યુ છે, વિવાદ બાદ વાવ-થરાદ વિસ્તારમાં કોંગ્રેસે ગેનીબેન ઠાકોરના સમર્થનમાં મોટી રેલીનુ આયોજન કર્યુ હતું. ગૌ માતા સર્કલથી કલેકટર કચેરી સુધી યોજાયેલી આ રેલીમાં લાખો કાર્યકરો અને ઠાકોર સમાજના




આગેવાનો જોડાયા હતા. રેલી દરમિયાન ભાજપના પ્રદેશ પ્રમુખના પુતળાનુ દહન કરવાનો પ્રયાસ કરવામાં આવતા જેનાથી સ્થિતિ વધુ તંગ બની ગઈ હતી. પુતળા દહન દરમિયાન પોલીસે તાત્કાલીક હસ્તક્ષેપ કરી કાર્યકરો પાસેથી પુતળુ છીનવી લીધુ હતું. આ ઘટનાએ વાતાવરણ વધુ ઉગ્ર બનાવી દીધુ હતું. કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે સામાન્ય ઘર્ષણ સર્જાયુ હતું. સ્થિતિ કાબુમાં લેવા પોલીસે કેટલાક કાર્યકરોની અટકાયત પણ કરી હતી. સમગ્ર ઘટનાએ વિસ્તારના રાજકીય તાપમાનને વધારી દીધુ હતું. આ વિવાદ માત્ર વાવ-થરાદ સુધી સિમિત રહ્યો નથી, પાટણ જિલ્લાના રાધનપુરમાં પણ કોંગ્રેસે ગેનીબેન ઠાકોરના સમર્થનમાં રેલી યોજી હતી. રાધનપુરમાં કાર્યકરો દ્વારા નાયબ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું. આવેદનપત્ર બાદ પુતળા દહનનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ પોલીસે તરતજ કાર્યવાહી કરીને પરિસ્થિતિ નિયંત્રણમાં લઈ કેટલાક કાર્યકરોની અટકાયત કરી હતી. કોંગ્રેસના નેતાઓએ આ સમગ્ર બાબતે કડક પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે ગેનીબેન ઠાકોર વિરૂધ્ધની ટીપ્પણી માત્ર વ્યકિતગત નહી પરંતુ સમગ્ર મહિલા શકિત અને ગુજરાતની જનતાનુ અપમાન છે, સાથે જ ભાજપના પ્રદેશ પ્રમુખ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધવાની પણ માંગ ઉઠાવવામાં આવી હતી. આ ઘટનાએ રાજયના રાજકારણમાં તણાવ વધારી દીધો છે અને આવનારા સમયમાં આ મુદ્દો વધુ ગરમાય તેવી શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

## ગામડા ભાંગતા જાય છે, ને શહેરો ફાલતા જાય છે

# દેશમાં કરોડો માણસોને કામ નથીઃ વિકાસને નામે વિદેશી દેવાના થઈ રહ્યા છે ડુંગર??

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજે દેશની હાલત એવી છે કે ‘‘વર મરો-કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો’’, ‘‘દેશ જાય ખાડામાં, નીતિ રહી નેવે.’’, ‘‘અપના કામ બનતા, ભાડ મે જાયે જનતા?’’ ‘‘પૈસાને પદ પાછળ નેતાઓ ગાંડા?’’ આ રીતે કોઈ દેશ આગળ ના આવે. આ બધા પડતી ના લક્ષણો છે. પણ આટલેથી વાત અટકતી નથી દેશને માથે ગજબનું સંકટ છે. દેશમાં કરોડો લોકોને કામ નથી લાખો લોકોને બે ટંકના રોટલા પણ નસીબમાં નથી.

ગામડામાં સરખું શિક્ષણ નથી મળતું, સારવારની સગવડો નથી, વાહન વ્યવહારની સુવિધા નથી, શહેરોમાં બધું છે. શહેરો માટે શાસકોને પક્ષપાત છે. ગામડાની શાસકોને પડી નથી. શહેરોમાં નાના-મોટા ઉદ્યોગો વધી રહ્યા છે, તેમાં પુષ્કળ પાણી વપરાય છે ને આમ જનતાને પાણીની તંગી છે? વળી ઉદ્યોગોનું ગંદુ પાણી નદીઓ અને તળાવોમાં ઠલવાય છે? તેથી એના પાણી પીવાલાયક રહ્યા નથી. વાહનો અને ઉદ્યોગોના ધુમાડાથી ચોખ્ખી હવા દુર્લભ બની છે. શહેરોમાં પ્રદૂષણ વધી ગયું છે? અને આ બધાની અસર વાતાવરણ પર થાય છે. એટલે અતિશય ગરમી,ઠંડી,વરસાદ કે વાવાઝોડાની માત્રા વધી છે. જે સમગ્ર જીવસૃષ્ટિ અને ખેતી માટે પણ હાનિકારક છે. રાસાયણિક ખાતર દવાઓ એ ગામડાની જમીન બગાડી છે. જમીનના રસકસ ચૂસાઈ ગયા છે. ખાતરનો વપરાશ વધી ગયો છે. ખાતરો અને દવાઓ મોંઘાદાટ થઈ ગયા છે. પાકમાં જીવાત પડે છે એને અંકુશમાં લેવા વધુ દવાઓ વાપરવી પડે છે, ઝેરી દવાથી હવા બગડે છે, જમીન બગડે છે અને લોકોના આરોગ્યને મોટી હાનિ પહોંચે છે? આ ઝેર વરસાદના પાણીથી ધોવાઈ ને નદીઓ દ્વારા દરિયામાં જાય અને દરિયામાં માછલાં વગેરે જળચરો નાશ પામે છે? બીજા પશુ-પંખીઓ પણ મરે છે. ચારેય બાજુ ઝેર ફેલાઈ રહ્યું છે? જમીનને ફળદ્રુપ બનાવનારા અળશિયા અને ઈયળો અદ્રશ્ય થવા લાગ્યા છે?

કુદરતનું ચક્ર તૂટી રહ્યું છે. ખેતીમાં ટ્રેક્ટરો વધી રહ્યા છે એટલે બળદની બાદબાકી થતી જાય છે. સુધારાના રવાડે ચઢી દેશ પાયમાલી તરફ આગળ વધ્યો છે. અને વિકાસને નામે વિદેશી દેવાના ડુંગરો ખડકાતા જાય છે. બોલો મેરા ભારત મહાન.

# સરકારી કર્મચારીઓ-પેન્શનરો માટે ખુશ ખબરઃ ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થામાં ૨ ટકા વધારો જાહેર કર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયના લાખો સરકારી કર્મચારીઓ, પેન્શનરો, શિક્ષકો અને પંચાયત કર્મચારીઓ માટે રાજય સરકાર તરફથી મોટો રાહતનો નિર્ણય લેવામાં આવ્યો છે. વધતી જતી મોંઘવારી વચ્ચે ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો મંજુર કરતા હવે કર્મચારીઓને મુળ પગારના ૫૮ ટકાના બદલે ૬૦ ટકા મોંઘવારી ભથ્થું મળવાનુ નકકી થયુ છે. આ વધારો તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી અમલમાં ગણાશે અને મે ૨૦૨૬ ના પગાર સાથે તેની અસર કર્મચારીઓના ખાતામાં જોવા મળશે,

ગુજરાત નાણાં વિભાગ દ્વારા ગઈ તારીખ ૪ મે ૨૦૨૬ ના રોજ જાહેર કરાયેલા સત્તાવાર ઠરાવ મુજબ કેન્દ્ર સરકાર દ્વારા ૨૨ એપ્રિલે જાહેર કરાયેલા સમાન નિર્ણયના અનુસંધાને રાજય સરકારે પણ પોતાના કર્મચારીઓ અને પેન્શનરોને મોંઘવારી સામે આર્થિક સંરક્ષણ આપવા માટે આ મહત્વપૂર્ણ વધારો મંજુર કર્યો છે. રાજય સરકાર અગાઉ ૧ જુલાઈ ૨૦૨૫ થી ૫૮ ટકા ડીએ ચુકવી રહી હતી, જેમાં હવે વધારાના ૨ ટકા ઉમેરાતા કુલ દર ૬૦ ટકા થયો છે, માત્ર નિયમિત રાજય કર્મચારીઓ જ નહી, પરંતુ પંચાયતના કર્મચારીઓ, સાતમા પગારપંચ હેઠળ આવતા પ્રાથમિક શિક્ષકો, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાનીત સંસ્થાઓના કર્મચારીઓ, પ્રતિનિયુકિત પર રહેલા કર્મચારીઓ તેમજ અખીલ ભારતીય સેવા અધિકારીઓને પણ આ નિર્ણયનો સીધો લાભ મળશે. એટલે કે રાજયભરના લાખો કર્મચારીઓને આ વધારાથી માસિક આવકમાં વધારો અનુભવાશે.

સરકારના આ ઠરાવની સૌથી મહત્વની બાબત એ છે કે જાન્યુઆરી ૨૦૨૬ થી એપ્રિલ ૨૦૨૬ સુધીના ૪ માસનો બાકી રહેલો મોંઘવારી ભથ્થાંનો તફાવત પણ એક સાથે ચુકવવામાં આવશે, મે માસના પગાર સાથે, જે જુન મહિનામાં ચુકવાશે, કર્મચારીઓને ૪ મહિનાનો એરીયર્સ રોકડમાં જમા થશે, પેન્શનરોને પણ આ જ સમયગાળાનો હંગામી વધારાનો તફાવત ચુકવવામાં આવશે, એટલે કર્મચારીઓ માટે આ મહિનો ડબલ રાહત લઈને આવનાર ગણાય છે, વધતી જીવન જરૂરીયાતો, મોંઘી થતી ઘરઘથ્થુ વસ્તુઓ , શિક્ષણ અને આરોગ્યના ખર્ચ અને પરીવારના દૈનિક બજેટ વચ્ચે આ ૨ ટકાનો વધારો ભલે આંકડાકીય રીતે નાનો લાગે, પરંતુ લાખો સરકારી કર્મચારીઓ માટે તે મહત્વપૂર્ણ આર્થિક ટેકો સાબિત થવાનો છે. ખાસ કરીને મધ્યમવર્ગીય કર્મચારીઓમાં આ નિર્ણયથી રાહતની લાગણી જોવા મળી રહી છે, કેન્દ્ર સરકાર દ્વારા પણ તાજેતરમાં ૫૮ ટકા થી ૬૦ ટકા ડીએ વધારાની જાહેરાત કર્યા બાદ ગુજરાતે સમાન નિર્ણય લઈ કર્મચારીઓને રાહત આપી છે.

નાણાં વિભાગના સુત્રો અનુસાર મોંઘવારી ભથ્થાનો આ વધારો સંપૂર્ણપણે સાતમા પગારપંચ ના ધોરણ મુજબ જ લાગુ પડશે અને ૫૦ પૈસા અથવા તેથી વધુની રકમને પૂર્ણ રૂપીયા ગણાશે, પંચાયતો તથા અનુદાનિત સંસ્થાઓને પડતા વધારાના નાણાંકીય બોજને પણ સરકાર નકકી કરેલા નિયમો મુજબ વિનિયમિત કરશે, એકંદરે જોવામાં આવે તો રાજય સરકારનો આ નિર્ણય કર્મચારી વર્ગ માટે ઉનાળાની ગરમીમાં ઠંડક સમાન સાબિત થયો છે. મે મહિનાના પગાર સાથે વધારેલો ડીએ અને ૪ મહિનાનો એરીયર્સ મળતા સરકારી નોકરીયાત વર્ગમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. જયારે પેન્શનરો માટે પણ આ નિર્ણય મોટી રાહતરૂપ બની રહ્યો છે.

# સુરતમાં આરોગ્યમંત્રીની કાર પર ડમ્પરમાંથી પથ્થર પડયો અને આખુ પોલીસ તંત્ર ધંધે લાગ્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

આપણું પોલીસતંત્ર આમ આદમી કરતા નેતાઓની વધુ સંભાળ રાખે છે, રોડ રસ્તા પર વાહનો પસાર થાય તો લોકો રોજ ધુળ ખાતા હોય છે,વાહનો પસાર થાય તો લોકો રોજ ધુળની ડમરીઓ ખાતા હોય છે, વાહનોમાંથી કાંકરી ખરે ને લોકોને વાગે તો તેની નોધ નથી લેવાતી, પણ સુરતના આરોગ્યમંત્રી જયારે કારમાં પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક ડમ્પર તેમની કાર પાસેથી પસાર થતા ડમ્પરમાં ભરેલ રેતી-પથ્થર મંત્રીની કાર પર પડતા અને કારને નુકશાન થતા આ મામલે પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસ તંત્ર ધંધે લાગી ગયુ હતું.



આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયા સુરતમાં પોતાની કારમાં રોડ પર જઈ રહ્યા હતા. ત્યારે રોડ પર એક રેતી-પથ્થર ભરેલ ડમ્પર પસાર થતા ડમ્પરમાંથી પથ્થર આરોગ્યમંત્રીની કાર પર પડયો હતો, આ મામલે આરોગ્યમંત્રીએ પોલીસ કમિશ્નર ગેહલોતને ફરીયાદ કરતા કમિશ્નરે તપાસના આદેશ આપ્યા કે તાડપત્રી વિના ફરતા રેતી-પથ્થર વહન કરતા ડમ્પરો સામે આકરા પગલા લેવામાં આવે, પોલીસે કમિશ્નરના આદેશનુ પાલન કરીને એક દિવસમાં ૧૦ થી વધુ ડમ્પરોને ડીટેઈન કર્યા હતા, એક બાજુ સામાન્ય નાગરીક રોજ રોડ રસ્તા પર વાહનો પસાર થવાથી ધુળ ખાતો હોય છે, પણ પોલીસ આમ જનતા કરતા મંત્રીઓની સેવામાં તરત હાજર થઈ જાય છે.

# લીંબાયતમાં ઝાડા-ઉલ્ટીના કારણે ૬ વર્ષના માસૂમનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં ફરી એકવાર રોગચાળાએ માથું ઊંચક્યું છે. શહેરના લીંબાયત વિસ્તારમાં ઝાડા-ઉલ્ટીની ઝપેટમાં આવતા એક ૬ વર્ષીય માસૂમ બાળકનું કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. લીંબાયત વિસ્તારમાં રહેતા આ ૬ વર્ષીય બાળકને અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો અને ત્યારબાદ સતત ઝાડા-ઉલ્ટી શરૂ થઈ ગયા હતા. બાળકની હાલત બગડતા પરિવારે તાત્કાલિક તેને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યો હતો. જોકે, ત્યાં તેની સ્થિતિમાં કોઈ સુધારો ન આવતા અને તબિયત વધુ લથડતા તેને વધુ સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યો હતો. સિવિલ હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ માસૂમને બચાવવા માટે તાત્કાલિક સારવાર શરૂ કરી હતી. પરંતુ, શરીરમાં પાણીનું પ્રમાણ ઘટી જવાથી અથવા અન્ય ગંભીર ઈન્ફેક્શનને કારણે બાળકની હાલત અત્યંત નાજુક બની ગઈ હતી. કમનસીબે, ટૂંકી સારવાર દરમિયાન જ માસૂમ બાળકે અંતિમ શ્વાસ લીધા હતા. એક તરફ ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે બીજી તરફ દૂષિત પાણી અથવા ખોરાકને કારણે ઝાડા-ઉલ્ટીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. આ ઘટનાની જાણ થતા જ મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય વિભાગ સફાળું જાગ્યું છે. લીંબાયત વિસ્તારમાં પાણીના સેમ્પલ લેવાની અને ઘરે-ઘરે સર્વે કરવાની કામગીરી હાથ ધરવામાં આવી શકે છે. વાલીઓને અપીલ કરવામાં આવી છે કે ગરમીના સમયમાં બાળકોના ખોરાક અને પાણી બાબતે વિશેષ તકેદારી રાખે.